



☞ આજના વિજ્ઞાનીઓ બ્રહ્માંડ અને પ્રતિબ્રહ્માંડની કલ્પના કરે છે. બંનેની સીમામાં ઈલેક્ટ્રોન અને પ્રોટોન આ બંને પરમાણુઓ ચુંબકીય ક્ષેત્ર રચે છે. જે એક દીવાલરૂપ બની જાય છે. તેથી બંને બ્રહ્માંડના પદાર્થોને ભેગાં થતાં રોકે છે... તેવું પણ માનવામાં આવે છે. આ બાબતમાં સત્ય શું ? એ વાત બાજુએ મૂકીએ, પણ એટલું ખરું કે વિજ્ઞાનીઓ એટલું તો માને છે કે કોઈક બળવાન ચુંબકીય અસર આગળ જોવા માટે કે જવા માટે અવરોધ રૂપ બની શકે છે. અષ્ટાપદજી મહાતીર્થ તેમજ અન્ય ઘણાં બધાં ક્ષેત્રો જે આપણી નજરમાં આવતાં નથી કે ત્યાં જઈ શકાતું નથી તેમાં આવું કોઈ બળવાન ચુંબકીય ક્ષેત્ર કુદરતી રીતે કે દૈવી પરિબળોથી રચાતું હોય તેવું પણ બનવા સંભવ છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org